

પીર મોટામીયાં સાહેબનો

હિંદુ મુસલમાનોને બોધ.

પ્રકાશક—પીરઝાદા નિઝામુદ્દીન મોટામીયાં
માંગરોલવાળા. હાલ ઠે૦ હરીપુરા, મુ૦ સુરત.

ઇ૦ સ૦ ૧૯૨૬ પ્રથમ આવૃત્તિ. પ્રત ૧૦૦૦

સુરત, બરાનપુરી ભાગોળ ભાજીવાલી પોળમાં આવેલા શ્રી 'અંબિકા વિજય' પ્રેસમાં હરગોવનદાસ હરકીસનદાસે છાપ્યું.

કીંમત રૂા૦ ૦–૧–૦

...ઓનો ... કરનારૂં માસિક-

ઝુલ્ફિકાર

... શરીફવાળા મહાર ખ્વાજા સાહેબની યાદ ગીરીમાં આ માસિક નીકળે છે જેના તસવ્વુફ, સુલુક, ... મહાત્માઓની હકીકત, ધર્મની વાતો ઇલ્મ (વિદ્યા) ... હુન્નર ... ચાલુ વિષય વિગેરેને લગતા ઉપયોગી લખાણો હોય છે.

... કાગળના ૪૦ પૃષ્ઠ, ચોખ્ખી છપાઈ અને રંગીન ... પુઠા સાથે આવા બેહદ મોંઘવારીના જમાનામાં તેનું વર્ષ... લવાજમ ટપાલ ખરચ સાથે ફકત

રૂ. ૩-૦-૦

રાખવામાં આવ્યું છે કે સઉ ભાઇઓને તેનો સહેલાઇથી લાભ ... હીંદુસ્તાનની બહારના દેશો માટે લવાજમ ટપાલ ખરચ સાથે માત્ર **રૂ. ૪-૦-૦** છે.

મુ. સુરત
...
હુસેની ટેકરા
...

સૈયદ ફૈઝહુસેન મુનવ્વરઅલી
ઝુલ્ફિકાર ઑફીસ.

પીર મોટામીયાં સાહેબનો હીંદુ મુસલમાનોને કીમતી બોધ.

આત્મા હીંદુ કે મુસલમાન તે શોધો.

સવારોરી કે નવટાંકી તાલીમની જરૂર. ?

જડવાદને બદલે ચૈતન્યવાદ તરફ વળો.

સુરત ડીસ્ટ્રીક્ટ લોકલ બોર્ડના મેમ્બર અને મોટા વેપારી દાવજી સુલેમાનજી પટેલના બચ્ચાઓના અકીક [મુંડણ] ના શુભ પ્રસંગે કીમમાં હીંદુ મુસલમાનોનો એક મોટો મેળાવડો થયો હતો. એ વખતે માંગરોલની ગાદીવાળા મહાત્મા ના૦ મઉલાના પીર મોટામીયાં સાહેબને ખાસ આમંત્રણ કરી બોલાવેલા હોવાથી પીર સાહેબ પણ ત્યાં પધારયા હતા આ મેળાવડામાં હીંદુ મુસલમાનોની એક જબરી સંખ્યા હાજર હોવાથી ના૦ પીર સાહેબ બંનેને ઉપદેશ આપતાં જણાવ્યું હતુ કે ઈસ્લામમાં કોઈની ઉપર જબરજસ્તી કરવાનું કે ગેરકોમોના દેવતાઓનું બુરૂ બોલવાનું કહ્યું નથી બીજાઓ સાથે દલીલ પણ નમ્ર અને વીવેકવાળી ભાષામાં કરવાની તથા પેગમ્બરી વીવેક અખત્યાર કરી દરેકની સાથે નરમાશ અને સહનશીલતાથી વર્તવાની તાકીદ છે. કારણ કે ખુદા નરમી-સબરવાળા

માણસથીજ રાજી થાય છે. નબીના નુરમાંથી દુનિયા બની છે તેમાં હીંદુઓ પણ આવી જાય છે, તો તેમને અલગ ગણવાના નથી. જે લોકો ખોટાં કૃત્ય કરશે તે તો ગમે તે કોમના હશે તો પણ તેમને ખુદા સજા કરશે. ઇમાનવાળાજ પાર ઉતરવાના છે, માટે સઉથી પહેલાં તો ખુદા ઉપર પાકા આકીનની જરૂર છે. નબીનું નુર જેને હીંદુ ભાઇઓ બ્રહ્મ કહે છે તેમાંથી તમામ સૃષ્ટી પેદા થઇ છે, તો પછી એક બીજાને નકામા અને હલકા ગણી લડવાની જરૂર જેવું રહેતું નથી. બ્રહ્મ, પરીબ્રહ્મ, અને પરબ્રહ્મ એ ત્રણ પ્રકારના બ્રહ્મને જે ઓળખે તે કદી લડે નહીં. બ્રહ્મ એટલે નબીનું નુર, પરીબ્રહ્મ એટલે ખુદાનું નુર, અને પરબ્રહ્મ એટલે ખુદાની જાત જે "વેહદહુ લાશરીક" નીરંજન નિરાકાર ગણાય છે. આ ત્રણે ચીજો કોઈ બરાબર જાણે તો જુદાઇ જેવું કે લડવા જેવું કાંઇ છેજ નહીં. હીંદુ શાસ્ત્રમાં પણ લડાઇ ઝગડા કરી કોઇને તકલીફ આપવાની સાફ મનાઇ છે. "હીંદુ"નો અર્થજ "હીસાથી દુર રહેનારો" થાય છે. હીંસાના ત્રણ પ્રકાર છે. (૧) માનસિક હીંસા. (૨) વાચીક હીંસા (૩) કાયીક હીંસા. કોઇનું બુરૂં ઇચ્છવું, કોઇનું બુરૂં બોલવું, અને કોઇને થપડ મારવી એ સઉ હીંદુ શાસ્ત્ર પ્રમાણે હીંસાજ છે. કોઇ પણ પ્રાણીના જીવને દુ:ખ દેવું એ ચોખ્ખી હીંસા છે. કોઇ મુસલમાન બકરી મારે તેને હીંદુ ભાઇઓ મારવા ઉભા થાય તો પેલા મુસલમાન કરતાં તેઓ કાંઇ ઓછી હીંસા કરતા નથી, કારણ કે તેઓ માણસને મારવા ઉભા થાય છે. હીંદુ શાસ્ત્રમાં પણ સૃષ્ટીની ઉત્પત્તી બ્રહ્મમાંથી કહેલી છે. તો તેમાં મુસલમાન પણ આવી જાય છે. હીંદુ, મુસલમાન, પારસી, સર્વેનો બનાવનાર એકજ ખુદા છે. મુસલમાન અને હીંદુ

બંને માટીના બનેલા છે, કોઇ સોનાનું બનેલું નથી. બંને વીર્યની પેદાશ છે જે લુગડાને અડકવાથી લુગડું પણ ધોવું પડે છે. માણસ કઇ બુંદમાંથી પેદા થયો છે તેજ જો તે યાદ રાખે તો કદી કોઇની સાથે લડે નહી. માણસના શરીરમાં માત્ર આત્મા [રૂહ] એજ ખરી અને પવીત્ર વસ્તુ છે. તે પાક આત્મા શરીરમાં છે પણ તેને કોઇ ખોળવાની કોશીશ કરતું નથી કે તે હીંદુ છે કે મુસલમાન ! સાડા ત્રણ મણની કાયામાં કઇ ચીજ હીંદુ છે અને કઇ ચીજ મુંસલમાન છે તે ખોળી કહાડવાનું છે. આપણે કયાંથી આવ્યા, શા માટે આવ્યા, શું કરવા આવ્યા, અને કયાં જવાના છીએ વીગેરેનો વીચાર કરી આત્માનો સાક્ષાત્કાર કરવાનો છે. જેણે આવો સાક્ષાત્કાર કર્યો તેજ મહાત્મા ગણાઇ ગયા છે. આપણા શરીરમાં લોહી છે તે વાત સઉ કોઇ કબુલ કરે છે પણ તે લોહી ચીરો—ઘા પડયા વગર દેખાતું નથી. તેજ પ્રમાણે આત્માને જોવા માટે પણ ઘા ખાવા પડે છે ! આવા ઘા નરમાશવાળા સજ્જનજ ખાઇ શકે છે, અને એજ ગુણવાળા ગણાય છે. ગુણ એજ ખરી ચીજ છે, અને એનેજ લોકો નમે છે. ગુણ એ જ્ઞાનથી મળે છે માટે જ્ઞાન [આત્મજ્ઞાન] મેળવવા કોશીશ કરવાની છે. આવું જ્ઞાન ગમે ત્યાંથી મળે તો તે લેવા પાછા પડવાનું નથી. એક રૂપીઆ કે એક નાની નોટ કોઇ ઢેડ આપણને આપે તો તે આપણે લઇ લઇએ છીએ. જ્યારે આવી માયાવાળી વસ્તુ લેવામાં બાધ આવતો નથી તો પછી જ્ઞાન કે જે મુક્તીનું ખાસ સાધન છે તે ગમે તે કોમના માણસ પાસેથી મળે તો લેવામાં શું વાંધો છે ! હાલ કોઇ નીશાળમાં ઉતરતી કોમનો માણસ માસ્તર હોય તેની પાસેથી ઉંચી કોમના માણસો પણ તાલીમ

લે છે, તો પછી ખરા જ્ઞાનની તાલીમ ગમે તે કોમના માણસ અથવા મુસલમાન પાસેથી લેવામાં આનાકાની શા માટે હોવી જોઇએ ? આમાં નીચા ઉંચાનો સવાલ નથી પણ ગુણનો સવાલ છે ગુણ એજ અંગીકાર છે એજ ખરી વસ્તુ . રામચંદ્રજી અને કૃષ્ણ મહારાજ બન્ને ક્ષત્રી કુળના હતા છતા મોટા મોટા બ્રાહ્મણો તેમના નામની માળાઓ ફેરવે છે, એટલે બ્રાહ્મણો ક્ષત્રીઓને તેમના ગુણને લીધેજ નમે છે. વળી મીરાંબાઇ ઉત્તમ કુળમાં જન્માણી હતાં તેમણે રોહીદાસ ચમારને ગુરૂ કરી જ્ઞાન મેળવ્યું હતુ તે ગુણને લીધેજ હતુ. કૌશીક મોટા તપસ્વી હતા અને બ્રાહ્મણ હતા છતાં તેમણે ધર્મ વ્યાધ નામના ઢેડ પાસેથી જ્ઞાન લીધુ હતું તે પણ ગુણના લીધેજ હતુ. રામચંદ્રજીએ શવરીબાઇ નામની ભીલડીનાં જુઠાં [એંઠાં] બોર ખાધા હતાં તે પણ ગુણના લીધેજ હતું. દુર્યોધન રાજાના ત્યાંના ઉતમ મેવાનો ત્યાગ કરી વિદુર જેવા દાસીપુત્રના ત્યાં ભાજી ભગવાન ખાવા તઇયાર થયા હતા તે પણ ગુણને લીધેજ હતુ. વાલ્મીકજી જેમણે રામાયણ બનાવી છે તે ભીલ હતા છતાં રૂષીપદને પામ્યા હતા એ સઉ ગુણને લીધેજ હતું. આવા ઘણા દાખલા હીંદુ પુસ્તકોમાં છે. તેટલા માટેજ કહ્યું છે કે "જાત ભાત ન પુછે કોઇ, હરકો ભજે સો હરકા હોઇ." ખુદાના ખરા નેકીના રસ્તા પર જે ચાલે અને ખરૂં જ્ઞાન મેળવે તેજ સઉથી ઉંચા છે. આમાં હીંદુ મુસલમાનનો કાંઇ સવાલ નથી. નેકીના ખરા રસ્તે ચાલનારા જ્ઞાનીઓ બીજાઓને કદી હલકા—નીચા ગણાતા નથી. જો હલકા ગણે તો કદી ઉંચા થાયજ નહીં. કહ્યું છે કઃ—

"ઉંચા ઉંચા સબ ચલે નીચા ચલે નહી કોઇ.
કહે જ્ઞાની નીચા ચલે, વો સબસે ઉંચા હોઇ."

ત્યારે જેને ઉંચા થવું હોય તેને તો જ્ઞાન મેળવી નીચાજ થવું પડે છે. અને ત્યારેજ તેનો દરજ્જો વધે છે. ઝાડને જ્યારે ફળ આવે છે ત્યારે તે નમે છે અને ત્યારેજ લોકો તેના તરફ ખેંચાય છે અને તેની કદર કરે છે. જો નીચા થવાની તાલીમ દરેકને આપવામાં આવે તો કદી ફીસાદ થાય નહીં એવી તાલીમ પહેલાના વખતમાં પોતપોતાના ગુરૂની છાયામાં રહીને સઉ લેતા હતા અને જ્ઞાન મેળવી નરમાશવાળા બની લોકોને ફાયદો પહોંચાડતા હતા. હાલ જડવાદને લીધે એવી તાલીમથી લોકો અલગ પડી ગયા છે. "હું સઉથી મોટો" એના સામેલો હાલ તો થઇ રહયો છે. હાલના કેટલાક આગેવાનો પણ આજ જડવાદવાળી ખેંચાખેંચીમાં છે, અને હુંપદને લીધે પોતે ઉંચે સ્તરે ખેંચાય છે અને બીજાઓને પણ તેમજ ખેંચે છે. રામચંદ્રજીના ઓરમાન માતુશ્રીના ભંભેરવાથી રામચંદ્રજીના પિતા દશરથ રાજાએ વગર કારણે રામચંદ્રજીને બાર વરસ દેશવટે જવાનો હુકમ કર્યો ત્યારે કાંઇ પણ જાતનું કારણ આગળ ધર્યા વિના રામચંદ્રજી એ હુકમ માથે ચડાવીને ચાલી નીકળ્યા એ શું નરમાશનું લક્ષણ નથી? એ નરમાશનું પરિણામ શું આવ્યું તે શું આપણા જાણવામાં નથી? જો એ નરમાશ તેમનામાં ન હોત તો આજે કોઇ પણ હીંદુ તેમનું નામ લેત ખરો? માટે નરમ થવામાંજ ફાયદાજ છે. કઠણ થવામાં કાંઇ ફાયદો નથી. રૂના ઢગલામાં કદાચ કોઇ હજાર તલવારો મારે તો પણ તે કદી કપાય નહી લાકડું તરત કપાય કારણ કે તે સખત છે, માટે નરમ થવામાંજ લાભ છે. સાધુઓ અને ફકીરો બધા આ ગુણને લીધેજ પોસાઇ ગયા છે તેમની તાલીમ આજ પ્રકારની હતી. હાલ તો આપણા આગેવાનો "સવા શેર" થવાની તાલીમ આપે

છે. "નવટાંકી" થવાની તાલીમ આપી શકતા નથી, કારણ કે તેમના ત્યાં તે છેજ નહીં. હાલના કેટલાક ધર્મગુરૂઓમાં પણ આજ ખામી ઘણે ભાગે માલમ પડે છે આવી સ્થીતી હોવાથી હીંદુ મુસલમાનોમાં જ્યાં જુઓ ત્યાં ફીસ દ જોવામાં આવે છે. સમજુ, ડાહ્યા, કેળવાએલા, આગળ વધેલા, સુધરેલા, અને કારભાર કરનારા લોકોમાં જો આ બુરાઇ વધારે જોવામાં આવે તો પછી બીજા થેડા ભણેલાઓનુ શું કહેવું ! જો આનુંજ નામ સમજ, ડહાપણ, કેળવણી, સુધારો, અને ઉન્નતી હોય તો ભલે ! આવા માણસોએ જડવાદ કરતાં ચૈતન્યવાદ તરફ વધારે વળવાની જરૂર છે. માયા કરતાં આત્મજ્ઞાન તરફ ધ્યાન આપવાની વધારે જરૂર છે. કદાચ કોઇ યુરોપીઅન લેખક એમ કહે છે કે સુર્ય પૃથ્વીથી ન૧ કરોડ માઇલ દુર છે અથવા પૃથ્વી પોતાની ધરી ઉપર એક સેકંડમાં ઓગણીસ માઇલ ફરે છે તો તે વગર સાબીતીએ માનવા આપણે તઇયાર થઇ જઇએ છીએ, પણ કદાચ કોઇ શાસ્ત્રકાર એમ કહે કે આત્માનો સાક્ષા'ત્કાર થયા વીના મુકતી નથી તો તેને આપણે વ્હેમ ગણવા તઇયાર થઇએ છીએ ! આત્મા જેવી વસ્તુ તો આપણામાં છે અને તે દરેક જણ કબુલ પણ કરે છે છતાં જડવાદને લીધે ઉલટે રસ્તે દોરાય છે. સુર્ય નવ કરોડ માઇલજ દુર છે એવી કોઇની પાસે ચોકસ ખાત્રી નથી, માત્ર અનુમાન છે. આવા અનુમાનને આપણે સાચું માનીયે છીએ અને શાસ્ત્રના પ્રત્યક્ષ પ્રમાણ માટે શંકા ઉભી કરીએ છીએ એ ફકત જડવાદનુંજ કારણ છે.

આને લીધેજ હીંદુ મુસલમાનોમાં રમખાણો જાગવાનો વખત આવે છે. જ્યારે કેળવાએલાઓ પણ જડવાદ મુંકી નરમાશ ધારણ

કરતા નથી તો પછી અજ્ઞાનોની શું વ'ત ! હાલ જે ઝઘડાઓ થઇ રહયા છે તેમાં આગેવાની ઘણે ભાગે કેળવાએલાઓનીજ છે એમ બધે ઉઘાડી રીતે એ લાય છે આનુંજ નામ જો કેળવણી હોય તો પછી દેશની ઉન્નતીની આશા શી રીતે રાખી શકાય ? આ તો મનો-વિકારની ઉન્નતી છે જે અવશ્ય અધોગતી અને બરબાદી તરફ ઘસડી જવાની છે. માટે હવે તો ચૈતન્યવાદવાળા આત્મજ્ઞાન તરફ વળી તેના નીયમોનું સેવન કરવામાંજ દેશનું ભલું છે.

સ્વરાજને માટે સંપ, બળ, અને ધનની જરૂર છે. સંપ એ આત્મીક વસ્તુ છે, બળ એ શારીરીક વસ્તુ છે, અને ધન એ માયીક વસ્તુ છે. એટલે સ્વરાજમાં પ્રથમ ચીજ આત્મા સાથે સંબંધ રાખનારી છે. જ્યારે આત્મામા ચોખ્ખાઇ નથી તો પછી સ્વરાજ શી રીતે મળી શકે ? સંપ બળના તો વાખા છે હવે ધન કેટલું છે તે તો જેની પાસે હોય તે જાણે. દેશ તો કંગાલીયતમાંજ છે. આપણા માલની કીંમત કરવાનું આપણા હાથમાં ન હોય તેના કરતાં બીજી કંગાલીયત કેટલી ? આપણે અહી લાખો મણ કપાસ પકવીએ છીએ. તે માલ આપણો છે છતાં તેની કીંમત આંકવાનું આપણા હાથમાં નથી તેનો આધાર તો અમેરીકાના તાર ઉપરજ છે ! આપણા પોતાના માલ ઉપર આપણી એટલી પણ સત્તા ન હોય એ કંગાલીયત નહીં તો બીજું શું ? કંગાલીયત સાથે બળહીણપણું પણ એટલુંજ આવી ગયું છે. આપણા વડીલો વીસ ત્રીસ ગાઉ એકી વખતે સહેલાઇથી ચાલી શકતા હતા પણ આપણામાં બે ગાઉ ચાલવાની પણ અત્યારે શક્તી નથી. આપણી વડીલ ડોશીઓને દસ દસ બાર બાર બચ્ચાં થતાં હતાં તોપણ તેમના શરીર જરાએ કમ-

ળતાં નહોતાં. પણ અત્યારે આપણી બહેનોને એક બચ્ચું થાય છે કે ડાકટરોના ત્યાં શીશા લઇને દોડે છે! વળી હાલના જુવાન ભાઇઓ પણ તદન નિર્માલ્ય અને કમજોર દેખાય છે. તેઓ મ્હેડે મોટી મોટી બહાદુરની વાતો કરે છે પણ તેમને કદાચ બે કલાક તડકામાં ઉભા રહેવું પડે છે તો તેમનું માથું દરદ કરવા લાગે છે, અને કદાચ સરદીમાં બે કલાક થોભવું પડે છે તો સળેખમ થઇ તાવ ચડી જાય છે! જે પ્રજાને બે કલાક તડકામાં ઉભા રહેવાથી માથાનું દરદ ઉપડી આવે અને બે કલાક સરદીમાં રહેવાથી તાવ ચડી બેસે તો એ પ્રજાથી સ્વરાજની શું આશા રાખી શકાય?


દીવાળી જેવા ઉત્સાહવાળા પ્રસંગે એક ટેટો હાથમાં ઝાલીને ફોડવાની હીંમત ન હોય તેવા માણસો જીભથી ગમે તેટલું મીટીંગોમાં બોલે તેથી શુ? જરા અંધારૂં થયા પછી ભાગોળે એકલા નીકળવાની જરાપણ હામ ન હોય તેવા માણસો ભારે રોશનીવાળી જગામાં ગમે તેવા શુરાતનના શબ્દો બોલે તેથી શું? ખુરશી ઉપર એક નિર્ભય જગાએ બેસી કલમથી કાગળ ઉપર ગમે તેવા મહાન વાકયો લખી નાખે તેથી શું? જો આનુંજ નામ શુરાતન, બહાદુરી, કે બળ હોય તો પછી મીલીટરી અને પોલીસની જરૂરતજ નથી. રમખાણુ અને હુલ્લડનું બળ કાગળ અને કલમથી નરમ પડતું નથી પણ તેને માટે તો શારીરીક બળની જરૂર પડે છે એ આપણે કયાં નથી જોયું? આ સઉ બાબતોનો વિચાર કરી સઉથી સરસ રસ્તો તો હાલના પ્રસંગમાં એજ છે કે રમખાણો ન જાગે તેવા ઇલાજ લેવા, અને એ ઇલાજ હીંદુ-મુસલીમ એકતાજ છે. પણ તે એકતા ખરા હૃદયની અને નિખાલસ હોવી જોઇએ. આવી એકતા આત્મ-

જ્ઞાનના માર્ગ વગર થઇ શકવાની નથી. માટે બંને કોમોના આગે-
વાનોએ પોતપોતાના આત્મજ્ઞાનના ફરમાનો ઉંડા ઉતરીને જોવા જઇએ.
મુસલમાનોમાં સુફીઓ-આત્મજ્ઞાનીઓના આચરણના નીયમો અને
હીંદુઓમાં યોગીઓ અને વેદાંતીઓના નીયમો લગભગ સરખા પાયા
ઉપર જણાય છે; કારણ કે બંને મન ઉપર જોઇતો કાબુ રાખવા
માટે જોર દે છે. તો આવા નીયમોનુ પાલન કરવામાં આવે તો કદી
રમખાણ જાગવાનો વખત આવે નહીં. કારણ કે એ નીયમોથી
અહંકાર મટી જાય છે અને જરાપણ હોંસાતોંસી રહેતી નથી. કેળ-
વાએલાઓની હોંસાતોંસી જબરી હોય છે. તેથી પહેલાં તેમને માટે
એ નીયમોની વધાર જરૂર છે હીંદુ મુસલમાનોના રમખાણોના
મુળમાં વધારે ભાગે કેળવાએલાઓજ હોય છે એમ સહુ કહે છે. જો
તેઓ એમ સમજતા હોય કે આવાં રમખાણોથી સરકાર મુંઝવણમાં
આવી પડશે અને હમેશા લોકોના ફીસાદ અને હુલ્લડ થવાથી
આખરે કંટાળીને તે આ દેશ છોડી ચાલી જશે તો તેવો તેમનો
ખ્યાલ ભુલભરેલો છે. કોઇ બે વાંભ જેટલી પડતર જમીન છોડવા
તઇયાર થતુ નથી તો પછી હજારો માઇલનો આ મોટો દેશ અને
વળી તે સાથે આવી જબરી રાજસત્તા સરકાર કેવી રીતે છોડવાની
છે એનો વીચાર કરવાનો છે. જો આવું વધારે વખત થશે તો તે
કેટલાક માણસો વધુ રાખશે અને જોઇતો બંદોબસ્ત કરશે અને
રમખાણોમાં કદાચ તેવા રાખેલા માણસો માર્યા જશે તો તે પણ
દેશનાજ જશે. વળી ફોજ તથા પોલીસના જેટલા માણસો બંદોબસ્ત
માટે વધારેના રાખવા પડશે એમનું તમામ ખરચ દેશને ભોગવવું
પડશે અને ઉપરથી બંને ઉપર લશ્કરી કાયદા (મારશલ લૉ) પ્રમાણે

ફટકા ઉપર ફટકા પડશે તે તો જુદા. હીંદુ આગેવાનો કદાચ એમ ધારતા હોય કે મુસલમાનોને આ દેશમાંથી હાંકી કહાડવા છે તો તે એક સ્વપ્ના જેવી વાત છે, કારણ કે અહીં મુસલમાનોની વસ્તી નવ કરોડ જેટલી અને આખી દુન્યામાં બેતાલીસથી પીસતાલીસ કરોડ જેટલી છે, તેમ કેટલાક ઇસ્લામી આગેવાનો એમ ધારે કે હીંદુઓને અહીંથી કહાડી મુકવા છે તો તે પણ સ્વપ્નાની વાત છે. કારણ કે હીંદુ ભાઇઓની વસ્તી અહીંઆં તેવીસ કરોડની છે. જ્યાં કરોડોની વસ્તીનો સવાલ હોય ત્યાં આવો ખ્યાલ કદી અમલમાં આવી શકતો નથી.

આ દેશ પ્રથમ અનાર્યોનો હતો, એમનુંજ અહીં રાજ હતું. તે પછી આર્યો ચઢી આવ્યા અને તેમણે પોતાનો પગ જમાવ્યો. તેમની પછી મુસલમાનો ચડી આવ્યા અને તેમણે પણ પગ જમાવી પોતાની હુકમત કાયમ કરી. તે પછી યુરોપીયનો ચડી આવ્યા અને તેમણે સત્તા જમાવી આ ત્રણેનો આવો ક્રમ છે. બાર વરસનો કબજો થઇ જાય છે તો એકદમ છુટી શકતો નથી તો પછી સેંકડો વરસનો કબજો એકદમ શી રીતે છુટી શકે? આવી સ્થીતી હોવાથી આપણે સમજી લેવું જોઇએ કે હવે તો હીંદુ મુસલમાનોએ સાથે રહેજ છુટકો છે. આ દેશ તેમના બંને માટે જન્મભુમી-વતન તરીકે કુદરતે નીર્માણ કરેલો લાગે છે. જ્યાં આવા સંજોગો છે ત્યાં એક બીજાને નુકસાન પહોંચાડવા તઇયાર થવું એ કેવળ દેશનેજ નુકસાન કરવા બરાબર છે. હીંદુ મુસલમાન એ એક શરીરની બે આંખો છે. એક આંખને જો નુકસાન થાય તો બે

આખા શરીરને સોસવાનું છે. માટે બંને કોમના આગેવાનોએ આ વીશેનો વિચાર કરવાનો છે લડાઇમાં કાંઇ લાડવા વહેંચાતા નથી પણ લોહી રેડાય છે જે પ્રત્યક્ષ જોવાની સા છે. મુસલમાન કોમ ગરીબ છે. તેની પાસે વધારે સાધન નથી એટલે તેને વધારે ખોવાનું નથી. પણ હીંદુ ભાઇઓ જેમની પાસે બહોળાં સાધનો છે તેમને આવી લડાઇઓથી વધારે નુકશાન પહોંચવાનો સંભવ છે. મુસલમાનોને ખુદાએજ બનાવ્યા છે અને તેઓ હીંદુ ભાઇઓને વખત પડે ઘણાજ ઉપયોગી થઇ પડવાના છે માટે સંપ તથા એકતામાંજ ફાયદો છે. લડવામાં કાંઇ સાર નથી. સરકાર આપણા વ્યાજબી હક સાચવવા કાંઇ ના કહેતી નથી પણ નકામા કજીઆ ઉભા થાય છે તેથી તે પણ વિચારમાં પડી જાય છે. માટે એક થઇને રહો કે બધો ફીસાદ દુર થઇ જાય અને દેશનું ભલું થાય.



આ જરૂર વાંચો.

દાવત સંબંધી પીર મોટામીયાં સાહેબની ગુજરાતી કિતાબો.

તમામ લોકોને ઇસ્લામની અને તેમાં થએલા મહાત્માઓની વાતોથી વાકેફ કરવા માંગરોલની ગાદીવાળા પીર મોટામીયાં સાહેબે બીજાં પ્રથમ લખેલાં પુસ્તકો ઉપરાંત હાલ એક હારમાળાની બુકો બહાર પાડવાનું કામ શરૂ કર્યું છે જેની ચાર બુકો બહાર પડી ગઇ છે.

આ ચાર બુકો નીચે પ્રમાણે છે.

ચિશ્તીયા દાવત ગ્રંથમાળા નં. ૧.

ખ્વાજા ગરીબ નવાઝ.

(હીંદના પહેલા મહાન મુબલ્લિગ)

આ પુસ્તકમાં ખ્વાજા સાહેબના ટુંક હેવાલ, તેમણે કરેલું તબલીગનું કામ, ઉરસ એ તબલીગની યાદગાર, ખ્વાજા સાહેબના તબલીગી સિલસિલો, તેમનું જબરૂં અસલી સંગઠન, તબલીગનું મુખ્ય મથક અજમેર શરીફ વિગેરેની ઉમદા વાતો લખી તબલીગના કામ ઉપર સારી રોશની નાખી છે. **કીમત રૂા० ० २-०**

ચિશ્તીયા દાવત ગ્રંથમાળા નં. ૨

રમઝાન શરીફનું ઉમદા ધોરણ.

આમાં અકલી દલીલોથી રોઝાની ખુબીઓ પીર સાહેબે એવી તો સરસ રીતે સમજાવી છે કે દરેક જણ તે કબુલ કરી લે છે. રોઝાથી સબુરીનો ગુણ પેદા થાય છે, રોઝાથી લશ્કરી તાલીમ મળે છે, રોઝાથી

મન મજબુત થાય છે, રોઝાથી શરીરની તંદુરસ્તી જળવાય છે, રોઝાથી મન આડે માર્ગે દોડતું નથી, રોઝાથી પરોપકારના ગુણ પેદા થાય છે, રોઝાનો અર્થ ભુખ મરો નથી, રોઝા માટે ખુદાઇ ફરમાન વિગેરે વિષયો ઉપર પીર સાહેબે ઉમદા વિવેચન કરેલું છે કીંમત. ૦-૨-૦

ચિશ્તીયા દાવત ગ્રંથમાળા નં. ૩

ગરીબો અને માલદારોને સુલેહનો પયગામ.

આમાં પણ પીર સાહેબે ઘણી ઉમદા વાતો લખી છે. નેકી એજ મોટી ચીજ છે, સંતાપમાં સુખ, ખુદાની જરૂર, બુજુર્ગોની સોહબતના ફાયદા, માલદારો અને ગરીબો બંનેની જરૂર, આપણા ગરીબ મુસલમાન ભાઇઓ, આપણા સુન્ની વહોરા ભાઇઓ, આપણા મેમણ ભાઇઓ, તબલીગ માટે શાની જરૂર વિગેરે બાબતો ઉપર પીર સાહેબે ઘણો સારો પ્રકાશ નાખેલો છે. કીંમત ૦-૩-૦

ચિશ્તીયા દાવત ગ્રંથમાળા નં. ૪

શું ઇસ્લામ રાક્ષસી ધર્મ છે?

એ પુસ્તકમાં તો પીર સાહેબે અવધીજ કરી છે. તેમાં ઇસ્લામની નીતી અને ખુબીઓ સમજાવવા ઉપરાંત મુસલમાનોને મ્લેચ્છ કહેવા કેટલે દરજે વ્યાજબી છે, ઇસ્લામમાં સ્ત્રીઓના હક, માંસ ખાવાનો રિવાજ, લાશો દફન કરવાની ખુબી, સુન્નત કરવાનુ ઉમદા ધોરણ, વિગેરે માટે ઘણીજ ઉમદા દલીલો આપી છે. આ પુસ્તક તો દરેક જણે ખાસ વાંચવા લાયક છે.

કીંમત ૦-૩-૦

મળવાનું ઠેકાણું,

મુ૦ સુરત.
હરીપુરા, હસનજીના
ટેકરા પાસ.

લી૦ સૈયદ ફૈઝહુસેન મુન૦વરઅલી
એડીટર-"ઝુલ્ફીકાર" ઓફીસ.

તથા

મુન્શી ગુલામખ્વાજા બુકસેલર.
ઠે. મોટી ઘડીઆળ પાસે-સુરત.